<u>પરિપત્ર</u>

ક્રમાંક/મઉમશબ/સંશોધન/૨૦૧૬/૭૮૮૭/૭૯૨૯
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા. ૨૩/૦૬/૨૦૧૬.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
ગુજરાત રાજય.

<u>વિષય</u>:- ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી(પ્રથમભાષા/દ્વિતિય ભાષા) અને સંસ્કૃત વિષયના પાઠય પુસ્તક બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના વિષયો અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમ બાબતે વિદ્યાર્થીઓ તથા વાલીઓ દ્વારા અવારનવાર અત્રે પૃચ્છા કરવામાં આવે છે. ચાલુ વર્ષ જુન-૨૦૧૬ થી સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી અને સંસ્કૃતના પાઠયપુસ્તકો બદલાયેલ છે. વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી(પ્રથમભાષા અને અંગ્રેજી દ્વિતિય ભાષા) તથા સંસ્કૃત(૧૨૯) નો અભ્યાસક્રમ ધો-૧૧ સામાન્ય પ્રવાહ મુજબ રહેશે. પરિરૂપ, ગુણભાર, બ્લ્યુ પ્રિન્ટ વગેરે સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં અલગ-અલગ રહેશે. જે અંગે હવે પછી અત્રેથી જાણ કરવામાં આવશે.

આ અંગેની જાણ આપના જિલ્લાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરશો.

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સાદર રવાના જાણ સારૂ</u>:-

- માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર.
- માન.નાયબ અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ અર્થે</u>:-

- પરીક્ષા સચિવશ્રી(વિજ્ઞાનપ્રવાહ),ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(સામાન્ય પ્રવાહ), ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર.

E:\PURVI\Research Branch\megegize\પરિપત્ર ધો.૧૧ વિ. માં અંગ્રેજી અને સંસ્કૃત બાબત.docx

નવસારી જિલ્લા
આવક નંબર 656
તારીખ 23.6.16